www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Lang. Code : 06**

इस पुस्तिका में **20** पृष्ठ हैं ।
This booklet contains **20** pages.

# ATA-19-II

**प्रश्न-पत्र II/ PAPER II**

**गुजराती भाषा परिशिष्ट**
**Gujarati Language Supplement**
**भाग IV & V / PART IV & V**

**परीक्षा पुस्तिका संकेत**
**Test Booklet Code**

**E**

**परीक्षा पुस्तिका संख्या**
**Test Booklet No.**

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए निर्देशों को ध्यान से पढ़ें ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें । / For instructions in Gujarati see Page 2 of this Booklet.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो या तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I एवं भाग II **या** III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **E** । यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है । अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा I - (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा II - (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं । **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए ।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Part I and Part II **OR** III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page / marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **E**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language I - (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language II - (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part -V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capitals) :
अनुक्रमांक : (अंकों में) ____________________
Roll Number : in figures
: (शब्दों में) ____________________
: in words
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capitals) :
परीक्षार्थी के हस्ताक्षर : ____________ निरीक्षक के हस्ताक्षर : ____________
Candidate's Signature : Invigilator's Signature :
Facsimile signature stamp of
Centre Superintendent ____________________

E

www.prepp.in

Prepp
Your Personal Exams Guide



**Lang. Code : 06**

# ATA-19-II

પરીક્ષા પુસ્તિકા સંકેત

**E**

**આ પુસ્તિકામાં 20 પાનાં છે.**

**પેપર II**

**ગુજરાતી ભાષા પરિશિષ્ટ**

**ભાગ IV & V**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થીઓ માટે દિશાનિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I અને ભાગ II **અથવા** III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઇંટ પેન**નો જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે E. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા-I (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા-II (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ V (ભાષા II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ________________

અનુક્રમાંક : અંકોમાં ________________

: શબ્દોમાં ________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ________________

પરીક્ષાર્થી દસ્તખત : ________________ નિરીક્ષક દસ્તખત : ________________

Facsimile signature stamp of

Centre Superintendent ________________

www.prepp.in



**ભાગ-IV (પ્ર. 91 થી 120) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted Gujarati as **Language-I** only.

Prepp Your Personal Exams Guide

www.prepp.in



# ભાગ – IV
# ભાષા – I
# ગુજરાતી

**સૂચના : ભાગ – IV (પ્ર. 91 થી 120) ફક્ત ગુજરાતી ભાષા – I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

**નીચેનો ફકરો વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી ઉત્તર આપો : (91-99)**

બાળક જન્મે ત્યારે ઈશ્વર તેને એક અદૃશ્ય ખાતાવહી પણ આપે છે. પહેલાં પાને જન્મ અને છેલ્લા પાને મૃત્યુની વિગતો આગોતરા જ લખીને મોકલે છે. આખી ખાતાવહી માણસે પોતે લખવાની છે, મહેનતથી, પ્રેમથી, આવડતથી. વય વધવાની સાથે જ સમાંતરે માણસ મોટો થતો જાય તેમ તેમ શિક્ષણ પ્રાપ્ત કરે. સારાંનરસાં કામ કરતો જાય, સેવા કરતો થાય, લોકોને મદદ કરતો થાય, આગવી કુશળતા પ્રાપ્ત કરે, કંઈક નવીન કરે અને પોતાની જીવનકિતાબ ભરતો જાય. કોઈવાર તે સફળ થાય તો ક્યારેક નિષ્ફળ પણ જાય. ક્યારેક આકાશને આંબી લે તો ક્યારેક ખીણમાં ગરકાવ થઈ જાય.

મહેનત વગર કોઈ આગળ આવતું નથી. આળસ અને સફળતાને બારમો ચંદ્રમા છે.

જીવનરથને સડસડાટ દોડાવવા પુરુષાર્થ તો કરવો જ પડે. જેટલો પુરુષાર્થ કરો એટલું તમારું નસીબ તમને યારી આપે એવું કહેવાય છે.

પુરુષાર્થ અને સાહસ બંને મળે તો લક્ષ્મીદેવીની કૃપા પણ સહેલાઈથી થાય. પુરુષાર્થી અને સાહસી એવા કામિયાબ સંપત્તિવાનને સમાજમાં નામના પ્રાપ્ત થાય છે.

કોઈક નસીબદારને મહેનત વગર, બુદ્ધિ વગર સફળતા પ્રાપ્ત કરતા જોઈએ ત્યારે અફસોસ થાય અને લાગે કે તેને તો બગાસું ખાતાં પતાસું મળી જાય છે. થોડી મહેનતે મોટી કામિયાબી પ્રાપ્ત થાય. કદાચ આ બધું તેની આગળની મહેનતનું પરિણામ હોય તેવું પણ બને. નસીબ અને પુરુષાર્થનો આ બારમો ચંદ્રમા બહુ ગૂઢ અને ગહન છે.

મહેનત અને જહેમત કરી માણસ કંઈ પામી પણ લે કે ધનવાન બની પણ જાય તો પણ એનાથી કોઈ ગુણાત્મક ફર્ક પડતો નથી. આ પૃથ્વી પર પાંચ-છ ખંડ આવેલ છે, દરેક ખંડમાં અનેક માણસો વસે છે એમાં એક માણસનું કોઈ આગવું મૂલ્ય નથી. કહેવાય છે કે બ્રહ્માંડમાં તો કેટલીય આકાશગંગા છે અને દરેક આકાશગંગામાં અનેક સૂર્ય છે અને એથી પણ વધુ પૃથ્વી છે ! માણસ તો આ બ્રહ્માંડમાં સાવ નાનો, નગણ્ય, ફક્ત ટપકાં જેવો છે. બિંદુ અને બુંદ જેવા માનવે સાગર જેવડા વિશ્વમાં પોતાની હસ્તી અને હયાતી ક્ષણિક છે એવી સભાનતા સાથે જ જીવવું જોઈએ.

**91. 'ધનવાન' શબ્દનો વિરુદ્ધાર્થ શબ્દ તમારી દૃષ્ટિએ કયો હોઈ શકે ?**

(1) અકિંચન

(2) મૂલ્યવાન

(3) રાજા

(4) શ્રીમંત

www.prepp.in



92. 'બગાસું ખાતાં પતાસું' એ ભાષાની કઈ લાક્ષણિકતા છે ?

(1) નિપાત

(2) સમાસ

(3) કહેવત

(4) રૂઢિપ્રયોગ

93. 'બારમો ચંદ્રમા' શબ્દોનો વિનિયોગ કઈ વિશેષતા છે ?

(1) સંખ્યા વાચકતા

(2) રૂઢિપ્રયોગ

(3) સમાસ

(4) સંધિ

94. પ્રારબ્ધ અને પરિશ્રમની પ્રહેલિકાને અહીં કેવી ગણાવી છે ?

(1) ઊંડી અને અકળ

(2) સકળ

(3) ટકાઉ

(4) અમૂલ્ય

95. કોને પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે ?

(1) રાજાને

(2) પ્રજાને

(3) મહેનતુને

(4) પૈસાદારને

96. ભાગ્ય ક્યારે સાથ આપે છે ?

(1) આરામ કરવાથી

(2) અથાક મહેનતથી

(3) ગુણાત્મકતાથી

(4) કામિયાબીથી

97. પરમેશ્વર મનુષ્યનો જીવનક્રમ ક્યારે લખે છે ?

(1) મૃત્યુ પછી

(2) આગોતરા

(3) જન્મના છઠ્ઠા દિવસે

(4) જન્મ પછી તુરત જ

98. બ્રહ્માંડમાં મનુષ્યનું અસ્તિત્ત્વ કયા સ્વરૂપે છે ?

(1) સુખરૂપ

(2) દુઃખરૂપ

(3) ટપકાંરૂપ

(4) ભારરૂપ

99. 'બુંદ' શબ્દનો પર્યાય તમારી દષ્ટિએ કયો હોઈ શકે ?

(1) ખુંધ

(2) ટીપું

(3) સાગર

(4) નાનું

www.prepp.in



નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તર વિકલ્પોમાંથી પસંદ કરો : (100-105)

જસોદા તારા કાનુડાને, સાદ કરીને વાર રે;
આવડી ધૂમ મચાવે વ્રજમાં, નહીં કોઈ પૂછણહાર રે
શીકું તોડ્યું, ગોરસ ઢોળ્યું, ઉઘાડીને બાર રે;
માખણ ખાધું, ઢોળી નાખ્યું, જાન કીધું આ વાર રે.
ખાંખાખોળા કરતો હીંડે, બીહે નહીં લગાર રે;
મહી મથવાની ગોળી ફોડી, આ શાં કહીએ લાડ રે ?
વારે વારે કહું છું તમને, હવે ન રાખું ભાર રે;
નિત ઉઠીને કયમ સહીએ, વસી નગર મોઝાર રે ?
મારો કાનજી ઘરમાં હુતો, ક્યારે દીઠો બહાર રે;
દહીં-દૂધનાં માટ ભર્યા છે, બીજે ચાખે ન લગાર રે.

100. શ્રીકૃષ્ણ શું ફોડે છે ?

(1) માખણની ગોળી
(2) દહીંની ગોળી
(3) છાસની ગોળી
(4) ઘીની ગોળી

101. ગોપીઓની ફરિયાદનો જસોદા શો ઉત્તર આપે છે ?

(1) કાનજી આશ્રમે હતો.
(2) કાનજી ઘરમાં હતો.
(3) કાનજી ઘરમાં સૂતો છે.
(4) કાનજી દ્વારિકામાં હતો.

102. અહીં 'જાન'નો સમાનાર્થી શબ્દ કયો બનશે ?

(1) જીવ
(2) ફાયદો
(3) નુકસાન
(4) ધૂળ

103. 'નિત'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો બને ?

(1) ક્યારેક
(2) નિયમિત
(3) એકાંતરે
(4) દિવસે

104. ખાંખાખોળા કરવાનો અર્થ શું થાય ?

(1) સતત ખાવું
(2) ઉધરસ ખાવી
(3) ગોઠણભેર ચાલવું
(4) કંઈક શોધવા મથવું

105. બારણાં ખોલીને શ્રીકૃષ્ણ શું કરે છે ?

(1) માખણ ઢોળે છે.
(2) મટુકી તોડે છે.
(3) ગોળી ફોડે છે.
(4) તોફાન કરે છે.

www.prepp.in



**106. કૌશલશીલ વાચન એ શું નથી ?**

(1) રચનાશીલ (કન્સ્ટ્રક્ટિવ)

(2) કલ્પનાશીલ

(3) વિકાસશીલ

(4) સાભિપ્રાય

**107. નીચેનામાંથી કયું સઘન વાચન સાથે સંબંધિત નથી ?**

(1) એ વાચનનો ઉત્તમ આનંદ આપે છે.

(2) ગહન સમજણ માટે વાચન કરવા માટે જરૂરી સૂક્ષ્મ વિગતોને સમજવામાં એ મદદ કરે છે.

(3) એનાથી ભાષાશિક્ષણનો વ્યાપ વધે છે.

(4) સઘન વાચન એ પાઠ (કે પુસ્તક)ની સમગ્રગામી સમજણ માટે હોય છે.

**108. લેખનના પ્રક્રિયા અભિગમ (પ્રોસેસ એપ્રોચ)નો ભાર શેના પર હોવો જોઈએ ?**

(1) ફક્ત પ્રક્રિયા પર

(2) ફક્ત ઉત્પાદન પર

(3) પ્રક્રિયા અને ઉત્પાદન બંને પર

(4) સુંદર હસ્તાક્ષરોના ઉપયોગ પર

**109. ભાષાના પાઠ્યક્રમમાં સાહિત્યને સ્થાન આપવા સંદર્ભે નીચેનામાંથી કયું સૌથી ઓછું મહત્ત્વ ધરાવે છે ?**

(1) એ વાંચનના અને વક્તવ્યના કૌશલને જોડે છે.

(2) કેમ કે સાહિત્ય એ અધિકૃત સામગ્રી છે.

(3) એનાથી વિદ્યાર્થીઓને અન્ય સંસ્કૃતિ સમજવામાં મદદ મળે છે.

(4) એનાથી વિદ્યાર્થીઓને વ્યક્તિગત પ્રતિભાવ આપવાનું પ્રોત્સાહન મળે છે.

**110. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**

(1) વિરામચિહ્નો વાક્યનો અર્થ બદલી નાખે છે.

(2) વિરામચિહ્નો ભાગ્યે જ વાક્યનો અર્થ બદલી શકે છે.

(3) વિરામચિહ્નો પાઠના સૌંદર્યીકરણમાં મદદરૂપ છે.

(4) વિરામચિહ્નો પાઠના વાંચનમાં ખલેલરૂપ હોય છે.

**111. વિદ્યાર્થીઓના લેખનનું આકલન ________ ના પર કેન્દ્રિત હોય એ મહત્ત્વપૂર્ણ છે.**

(1) સાચી જોડણી અને વ્યાકરણ

(2) વિચારોની અભિવ્યક્તિ

(3) શબ્દમર્યાદાની જાળવણી

(4) લેખનમાં કહેવતો અને રૂઢિપ્રયોગોનો ઉપયોગ

www.prepp.in
Prepp
Your Personal Exams Guide



112. નેશનલ કરિક્યુલર ફ્રેમવર્ક (NCF) 2005ના માર્ગદર્શક સિદ્ધાંતોમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી ?

(1) શાળાની બહાર જીવન અને જ્ઞાનનું જોડાણ કરવું.

(2) ફક્ત નોટ કે નોંધ લખવાની પદ્ધતિથી શિક્ષણને અને શિખવાની પ્રક્રિયાને અલગ કરવાની ચોક્સાઈ રાખવી.

(3) પાઠ્યક્રમ પાઠ્યપુસ્તક કેન્દ્રી હોવો જોઈએ.

(4) વર્ગખંડના જીવનમાં પરીક્ષાઓને વધુ સુસંકલિત અને લવચીક રાખવી.

113. કોઈ ઘટના ક્યારે બની, કેવી રીતે બની, એનો આરંભ અને અંત કેવી રીતે થયો, એના મૂળમાં શું કારણ હતું એ અંગેની વિસ્તૃત માહિતી આપનાર કાર્ય એ ________ છે.

(1) પ્રોજેક્ટ વર્ક

(2) અસાઈનમેન્ટ

(3) વિગતવાર રેકોર્ડ

(4) માપનદર (રેટિંગ સ્કેલ)

114. વિદ્યાર્થીઓના ભાષાના વિષયમાં શું કરી રહ્યા છે એનો પ્રત્યક્ષ પુરાવો અને નિદર્શન નીચેનામાંથી કઈ બાબતમાં મળી રહે છે ?

(1) કસોટીમાં મેળવેલા ગુણ

(2) લેખન અને અભિવ્યક્તિ માટે વિદ્યાર્થીએ પ્રયોજેલી ભાષા

(3) રાષ્ટ્રીય પાઠ્યક્રમ અને અભ્યાસક્રમની સમજણ

(4) ભાષાના લક્ષ્યો અને હેતુઓની જાણકારી

115. વ્યોગોત્સ્કીએ આપેલી 'સ્કેફોલ્ડિંગ હાઈપોથિસીસ' (Scaffolding Hypothesis) પ્રમાણે ભાષાશિક્ષકે ભાષાના વિદ્યાર્થીઓને જોડીમાં અને જૂથમાં કામ કરવાની તક આપવી જોઈએ કેમ કે ...

(1) એનાથી શિક્ષકનું કામપ્રબંધન આસાન બની જાય છે.

(2) વિદ્યાર્થીઓનું પરસ્પર આદાનપ્રદાન થતું હોવાથી શિક્ષકને રાહત મળે છે.

(3) સામાજિક આદાનપ્રદાન વિદ્યાર્થીઓને શીખવા માટે વધુ સક્ષમ બનાવે છે.

(4) આ પ્રકારનું સામાજિક આદાનપ્રદાન વિદ્યાર્થીઓને ભાષાશિક્ષણમાંથી વિષયાંતરિત કરાવે છે અને લક્ષ્યમાંથી હટાવી દે છે.

www.prepp.in



116. ભાષા શીખવવાનો આરંભ આરંભિક ધ્વનિઓ અને એના પેટાપ્રકારોને બદલે સાદા સરળ વાક્યોથી કરવો જોઈએ આનો અર્થ એ કે ...

(1) પ્રત્યાયન એ પૂર્ણ વાક્યો પર આધારિત છે.

(2) ભાષાસંપ્રાપ્તિમાં ઉચ્ચારણોનું કોઈ સ્થાન નથી.

(3) ભાષાશિક્ષણમાં વ્યાકરણ અને ઉચ્ચારણ બંનેનું સમાન મહત્ત્વ છે.

(4) વ્યાકરણ એ પ્રત્યાયનનો મહત્ત્વપૂર્ણ પાયો છે.

117. સાતમા ધોરણના એક શિક્ષક દશ્યપરક વિદ્યાર્થીઓ માટે યૂટ્યૂબનો, શ્રવણ દ્વારા શીખતા વિદ્યાર્થીઓ માટે ધ્વનિમુદ્રિત સામગ્રીનો અને આદાનપ્રદાનાત્મક સામગ્રીનો ગતિશીલ વિદ્યાર્થીઓ માટે ઉપયોગ કરે છે. આ વિવિધ માધ્યમોના ઉપયોગથી વિદ્યાર્થીઓની વ્યક્તિગત ક્ષમતાને કે એમને વ્યક્તિગત રીતે શું થાય છે ?

(1) ભાષાકીય તફાવત (સમજાય છે.)

(2) શીખવાની શૈલીઓ (જાણવા મળે છે.)

(3) શીખવાની અક્ષમતાઓ

(4) અધિકૃત સામગ્રી (મળે છે.)

118. ભાષાજ્ઞાનીઓના દષ્ટિકોણ મુજબ એક ભાષા શિક્ષકે વિદ્યાર્થીઓની ભૂલોને કઈ રીતે જોવી જોઈએ ?

(1) શિખવામાં વિક્ષેપ અને વ્યવધાન તરીકે

(2) શિખવાની પ્રક્રિયાના એવા હિસ્સા તરીકે, જે વિચારવાની દષ્ટિ સંપડાવે છે.

(3) એવી ભૂલ તરીકે, જેનો ત્યાંને ત્યાં જ ઉપાય થવો જોઈએ જેથી એનું પુનરાવર્તન ટાળી શકાય.

(4) શિખવામાં વિદ્યાર્થીઓની એવી બેદરકારી તરીકે, જેનો તત્કાલ ઉકેલ શોધવો જોઈએ.

119. એકાગ્ર શ્રવણ એટલે ________ ની સાથેનું શ્રવણ.

(1) ધ્યાન

(2) શાંતિ

(3) શિસ્ત

(4) સુધારણાની ભૂમિકા સાથેનો અભિગમ

120. મૂક વાંચન દ્વારા વિદ્યાર્થીઓ નીચેનામાંથી કયુ ભાગ્યે જ મેળવી શકે છે ?

(1) શબ્દભંડોળ

(2) વ્યાકરણ

(3) જોડણીકૌશલ

(4) વાચનકૌશલ

www.prepp.in



**ભાગ-V (પ્ર. 121 થી 150)** ફક્ત **ગુજરાતી** ભાષા-**II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted Gujarati as **Language-II** only.

www.prepp.in



# ભાગ – V
## ભાષા – II
## ગુજરાતી

**સૂચના :** ભાગ – V (પ્ર. 121 થી 150) ફક્ત ગુજરાતી ભાષા – II નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચે આપેલ ફકરો વાંચી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો : (121-128)**

તકલીફ, મુશ્કેલી, સમસ્યા, ઉપાધિ, ચિંતા એ બધી એવી વસ્તુઓ છે જેના વગર જિંદગી શક્ય જ નથી. આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ, એ કોઈ ને કોઈ સ્વરૂપે આવી ચડે છે અને આપણી ગણતરીઓ ઊંધી પાડી દે છે. જિંદગી તો મુશ્કેલીઓને મારવાની રમત છે, તમે આ રમત કેવી રીતે રમો છો તેના ઉપર તમારી હાર-જીત અને થાક-આનંદનો આધાર છે. મુશ્કેલીઓથી તમે જેટલા ડરો એટલી એ બિહામણી લાગવાની છે. જિંદગીની મજા તો જ છે જો આપણે તમામ મુશ્કેલીઓ માટે માનસિક રીતે તૈયાર રહીએ. મુશ્કેલી આપણને મોટાભાગે એટલે જ મોટી લાગતી હોય છે કારણ કે આપણે તેના માટે તૈયાર નથી આમ જુઓ તો જિંદગીની મજા જ એ છે. માત્ર મુશ્કેલી કે સમસ્યા જ નહીં, આપણને સફળતા અને આનંદ પણ ઓચિંતો જ મળતો હોય છે. કંઈક અચાનક જ એવું થાય છે કે આપણે રાજીના રેડ થઈ જઈએ છીએ. ત્યારે આપણે એ નથી વિચારતા કે જિંદગીમાં કેવી અચાનક ખુશી આવી ગઈ. પણ જો સમસ્યા આવે તો આપણે ઊભા થઈ જઈએ છીએ. આપણી તકલીફ જ એ હોય છે કે મુશ્કેલી હોય નહીં ત્યારે પણ આપણે તેનાથી ડરતાં રહીએ છીએ. માણસ વાસ્તવિક ભય કરતાં કાલ્પનિક ડરથી વધુ ભયભીત રહે છે. માણસમાં મુશ્કેલીઓનો સામનો કરવાની તાકાત હોય છે પણ મુશ્કેલીના કાલ્પનિક ભયને ટાળવાની તાકાત હોતી નથી. આવી તાકાત કેળવો તો શૂળીનો ઘા સોયથી સરશે.

સ્મરણો હંમેશા સારાં અને ખરાબ હોવાનાં, તમે કયા સ્મરણને વાગોળો છો તેના પરથી તમારા આનંદ અથવા પીડા જીવંત થાય છે. જીવતાં આવડવું જોઈએ. જીવવાનું કોઈ શીખવી ન શકે, એ આપણે જ શીખવાનું છે. તમારી જિંદગીને તમે જ આકાર આપી શકો. જે વીતી ગયું છે તેને ભૂલી જવામાં જ માલ છે. ઘણાં લોકોને રાઈનો પહાડ બનાવવાની આદત હોય છે. નાનકડી સમસ્યાને એવડું મોટું રૂપ આપી દેશે જાણે જિંદગીમાં તેના સિવાય કોઈને મુશ્કેલી છે જ નહીં, દરેકને પોતાની મુશ્કેલી મોટી જ લાગે છે. નાની નાની મુશ્કેલીઓથી ડરી ન જાવ કે વ્યથિત ન થાવ. મુશ્કેલી તો આવે અને જાય, તેને ગણકારવી જ નહિ. તમે જો તમારી મુશ્કેલીને હાવી થવા દેશો તો એ તમારા ઉપર ચડી બેસશે. પ્લસ અને માઈનસ પોઈન્ટસથી જ જિંદગી બને છે. તમે જો માઈનસ જ જોશો તો સરવાળો પણ માઈનસમાં જ આવશે. તમે જો પ્લસ જોશો તો જે છે તેનો મતલબ તમને સમજાશે અને વધુ કામ કરવાની ચાનક ચડશે. કોઈની સાથે તમારી સરખામણી ન કરો. ન સારા સાથે ન ખરાબ સાથે, કારણ કે તમે ઉમદા છો, તમે બેસ્ટ છો. જો તમે જ તમને શ્રેષ્ઠ નહીં માનો તો કોઈ તમને શ્રેષ્ઠ નહીં માને.

www.prepp.in



121. આપણી રમતની પદ્ધતિ શાનો આધાર હોવાનું લેખક કહે છે ?

(1) સમસ્યાનો
(2) જિંદગીની મજાનો
(3) સમસ્યાઓનો
(4) થાકનો

122. મનુષ્ય મુશ્કેલીથી ક્યારે ભય પામે છે ?

(1) મુશ્કેલીની ગેરહાજરીમાં
(2) મુશ્કેલીની હાજરીમાં
(3) ઉકેલની ગેરહાજરીમાં
(4) ઉકેલની હાજરીમાં

123. મનુષ્યને કામ કરવાનો ઉત્સાહ કેવા સંજોગોમાં વધે છે ?

(1) મુશ્કેલીઓના ઉધાર પાસા જોવાથી
(2) મુશ્કેલીઓના જમા પાસા જોવાથી
(3) અન્યની સરખામણી પોતાની સાથે કરવાથી
(4) પોતાની સાથે પોતાની સરખામણી કરવાથી

124. 'ચાનક ચડવી' એ કેવો પ્રયોગ કહી શકાય ?

(1) નિપાત
(2) દ્વિરુક્ત
(3) સમાસ
(4) રૂઢિપ્રયોગ

125. 'આકાર' શબ્દનો પર્યાયવાચી શબ્દ નીચેનામાંથી કયો છે ?

(1) ઘાટ
(2) સૌષ્ટવ
(3) નિરાકાર
(4) નિરંજન

126. 'સરવાળો'નો વિરુદ્ધાર્થી શબ્દ નીચેનામાંથી કયો છે ?

(1) ધન
(2) સંપત્તિ
(3) બાદબાકી
(4) ગુણાકાર

127. 'શૂળીનો ઘા સોયથી' વાક્યનો વિનિયોગ કયા પ્રકારનો છે ?

(1) કહેવત
(2) રૂઢિપ્રયોગ
(3) ઘાતક
(4) વિઘાતક

128. લેખકના મતે જિંદગી શેનો ખેલ છે ?

(1) ગણતરી ઊંધી વાળવાનો
(2) ચિંતા કરવાનો
(3) મુશ્કેલીઓને મારવાનો
(4) તકલીફ આપવાનો

www.prepp.in



**નીચેનો ફકરો કાળજીપૂર્વક વાંચી તેની નીચે આપેલાં પ્રશ્નોના સાચાં ઉત્તર વિકલ્પમાંથી પસંદ કરીને આપો : (129-135)**

દરેક સપનું પુરું થાય એવું જરૂરી નથી. અમુક સપનાં અધૂરાં રહેવા માટે જ સર્જાયા હોય છે. સપનું પુરું કરવા માટે તમામ પ્રયાસો કરો. બધા જ પ્રયાસો કરી લીધા પછી પણ સપનું પુરું ન થાય તો બીજું સપનું જુઓ. જે બંધ થઈ જાય છેને એ નાની બારી જ હોય છે. મોટી બારી ખૂલવાની હોય છે. આપણે બંધ થયેલી બારી બાજુ જ જોઈને બેઠા રહીએ તો કંઈ જ ન કરી શકીએ. બીજી બારી શોધવાની હોય છે અને એ ખોલવાની હોય છે.

જિંદગીના છેલ્લા શ્વાસ સુધી સફળતાની શક્યતાઓ હોય છે. આપણામાં ટકી રહેવાની આવડત હોવી જોઈએ. ઝાડ પાસેથી માણસે એ જ શીખવાનું છે કે ક્યારેક કોઈ ફળ ખરી પડે તો મૂંઝાવું નહીં, નવું ફળ સર્જવાની તૈયારી રાખવી. આપણે જ આપણું કલ્પવૃક્ષ છીએ. જે વ્યક્તિ નિષ્ફળતાને ન સમજી શકે એ સફળતા સુધી ન પહોંચે. નિષ્ફળતા તો જરાવારમાં નાશ પામે એવી હોય છે. સફળતાની સીડીનાં પગથિયાં એકસરખાં હોતાં નથી. કોઈ પગથિયું નાનું હોય છે, કોઈ પગથિયું મોટું હોય છે. એ સીડીને સાવચેતીથી ચડવી પડે. ક્યારેક પગ આડો પડે તો ક્યારેક પગ લપસી પણ જાય .આપણું ધ્યેય ઊંચે પહોંચવાનું હોવું જોઈએ. જિંદગીમાં કંઈ જ એક ધડાકે મળતું નથી. કાંકરે કાંકરે જ પાળ બંધાય છે.

પોતાના વજૂદ સામે ક્યારેય શંકા ન કરો. આપણને પહેલાં તો આપણું પોતાનું ગૌરવ હોવું જોઈએ. પોતાની જાત પર શ્રદ્ધા હોવી જોઈએ. સફળ થવા માટે સૌથી પહેલી શરત એ હોય છે કે પોતાના પર અતૂટ વિશ્વાસ રાખવો. જીત પહેલાં મનથી નક્કી થવી જોઈએ, જે મનથી હારી જાય છે એ ક્યારેય જીતી શકતો નથી. નિષ્ફળતાનું આયુષ્ય ટૂંકું રહેવા દેવું કે લાંબું, એ આપણા હાથની વાત હોય છે. નિષ્ફળતાને જેટલી વહેલી ખંખેરશો એટલી જ સફળતા નજીક રહેશે. નાની બારી બંધ થાય તો મોટી બારી તરફ નજર કરી એને ખોલવાના પ્રયત્નો આદરી દો, સફળતા મળશે જ !

**129. 'સફળતા મળશે જ' વાક્યમાં વ્યાકરણની કઈ લાક્ષણિકતા પ્રયોજાઈ છે ?**

(1) નિપાત

(2) સંયોજક

(3) કહેવત

(4) રૂઢિપ્રયોગ

**130. 'કાંકરે કાંકરે જ પાળ બંધાય' આ કયા પ્રકારનો પ્રયોગ છે ?**

(1) રૂઢિપ્રયોગ

(2) કહેવત

(3) ભાવેપ્રયોગ

(4) કર્તરિપ્રયોગ

**131. 'કલ્પવૃક્ષ' શબ્દ કયો સમાસ છે ?**

(1) મધ્યમપદલોપી

(2) અલુક્ તત્પુરુષ

(3) કર્મધારય

(4) દ્વિગુ

**132. 'જરા વારમાં નાશ પામે એવી' આ શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.**

(1) નાશવંત

(2) નામશેષ

(3) અશેષ

(4) વિશેષ

www.prepp.in



**133.** સફળતાની સંભાવના માટે શું મહત્ત્વનું છે ?

(1) ફળની આશા

(2) ટકી રહેવું

(3) સતત લડવું

(4) નિષ્ફળતા મળવી

**134.** શાની પ્રત્યે શંકિત થવાની લેખક ના કહે છે ?

(1) સ્વઅસ્તિત્ત્વ સામે

(2) સફળતા સામે

(3) નિષ્ફળતા સામે

(4) વિશ્વાસ સામે

**135.** 'બારી' શબ્દનો પર્યાયવાચી શબ્દ નીચેના પૈકી કયો છે ?

(1) બારણું

(2) વાતાયન

(3) વાતાવરણ

(4) અવકાશ

**136.** સઘન વાંચન વિદ્યાર્થીઓમાં કેવા પ્રકારનો રસ જાગૃત કરે છે ?


(1) અપરિચિત શબ્દોના અર્થ ખોળી કાઢવાનો

(2) પાઠમાં પ્રયોજાયેલા વ્યાકરણના વિવિધરૂપો ઓળખવાનો

(3) કાવ્યપઠનનો

(4) નિર્ભળ આનંદ માટે પાઠ વાંચવાનો

**137.** એક શિક્ષિકા વિદ્યાર્થીઓને લેહ વિશેનું પ્રકરણ ભણાવવા ઈચ્છે છે. પાઠનો પ્રારંભ કરતાં પહેલાં શિક્ષિકા બ્લેકબોર્ડ પર એક આકૃતિ દોરીને ચર્ચા કરે છે.




(1) રાજ્યનો નકશો

(2) અભિગમ નકશો

(3) વિષયનિષ્ઠ નકશો

(4) માપણી યંત્ર

**138.** વિદ્યાર્થીઓ પ્રભાવક રીતે લખતાં ત્યારે જ શીખે, જ્યારે લેખનસામગ્રી કે લેખાંશ ....

(1) શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને લખાવવામાં આવે.

(2) વિદ્યાર્થીઓની સમજણ મુજબનો હોય અને અર્થસભર હોય.

(3) શિક્ષકના પૂર્વાપર મુજબનો અને એની સંસ્કૃતિ મુજબનો હોય.

(4) ઉચ્ચરિત શબ્દ અને એના લિખિતરૂપ વચ્ચે કડી હોય.

**139.** નીચેનામાંથી કયુ ઉત્પાદન અભિગમ (પ્રોડક્ટ એપ્રોચ)નું પરિણામ નથી ?

(1) એ સંપૂર્ણપણે શિક્ષકકેન્દ્રી છે.

(2) એ બિહેવિયરીસ્ટ મોડેલ પર આધારિત છે.

(3) એ તૈયાર માલ (ફિનિશ્ડ પ્રોડક્ટ) પર કેન્દ્રિત કરે છે.

(4) એ વિચારોના નિર્માણ અને ઉત્પાદન પર લક્ષ્ય આપે છે.

www.prepp.in



**140.** 'ઉત્પાદન અભિગમ' (પ્રોડક્ટ એપ્રોચ) લક્ષી લેખનકાર્ય કરાવતી વખતે શિક્ષકે નીચેનામાંથી શેનો ઉપયોગ ન કરવો જોઈએ ?

(1) બુદ્ધિ મંથન (બ્રેઈન સ્ટોર્મિંગ)

(2) શ્રુતલેખન

(3) આલેખન (ડ્રાફ્ટિંગ)

(4) પ્રૂફવાચન

**141.** પાત્ર અભિનય (રોલ પ્લે) એ દરેક ભાષાવર્ગનો અનિવાર્ય હિસ્સો હોવો જોઈએ કારણ કે ....

(1) એ વિદ્યાર્થીઓને મુક્ત વાતચીત કરવા માટે સક્ષમ બનાવે છે.

(2) એ એક પ્રભાવક વર્ગખંડ પ્રબંધન પદ્ધતિ છે.

(3) એનાથી વિદ્યાર્થીઓને વાર્તા યાદ રાખવાની ક્ષમતા સાંપડે છે.

(4) એનાથી વિદ્યાર્થીઓ અર્થપૂર્ણ ભાષામાં વાતચીત કરવા માટે સક્ષમ બને છે.

**142.** તમે જ્યારે બાળકોને એક ચોક્કસ વિષય/મુદ્દા પર નાની કવિતા લખવાનું કહો છો ત્યારે તેઓ શેનો ઉપયોગ કરે છે ?

(1) સર્જનાત્મક વિચાર (ક્રિએટિવ થિંકિંગ)

(2) તાદાત્મ્યપૂર્ણ વિચાર (એમ્પેથેટિક થિંકિંગ)

(3) સહાનુભૂતિપૂર્ણ વિચાર (સિમ્પેથેટિક થિંકિંગ)

(4) સાંસ્કૃતિક વિચાર (કલ્ચરલ થિંકિંગ)

**143.** શબ્દભંડોળ વિકાસ એ બાળકોને સારા વાચક બનાવવા માટેનું મહત્ત્વપૂર્ણ પરિબળ છે, શબ્દભંડોળના વિકાસ માટે નીચેનામાંથી કઈ વ્યૂહરચના કે પદ્ધતિ સારી ગણાશે ?

(1) વિદ્યાર્થીઓ સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દોની વિસ્તૃત યાદી યાદ રાખે.

(2) વિદ્યાર્થીઓ જ્યારે નવો શબ્દ મળે ત્યારે શબ્દકોશનો ઉપયોગ કરે.

(3) વિદ્યાર્થીઓ પાઠમાંના અઘરા શબ્દને અધોરેખિત કરે અને એનો ઉપયોગ કરીને વાક્ય બનાવે.

(4) વિદ્યાર્થીઓ નવા શબ્દના અર્થ શોધવા માટે પૂર્વાપરનો ઉપયોગ કરતાં શીખે.

**144.** એક શિક્ષક એક વિદ્યાર્થીના જીવનની મહત્ત્વપૂર્ણ ઘટનાઓની નોંધ લઈને એનું દસ્તાવેજીકરણ લિખિત રૂપમાં કરે છે આને શું કહેવાય ?

(1) સામાન્ય સૂચના કે સમજૂતી (રુબ્રિક્સ)

(2) પોર્ટફોલિયો

(3) નિરીક્ષણ

(4) છૂટક નોંધ (એનેક્ડોટલ રેકોર્ડ)

**145.** નીચેનામાંથી કયું સફળ વક્તવ્ય પ્રવૃત્તિનું લક્ષણ છે ?

(1) વિદ્યાર્થીઓની સાધારણ સ્તરની સહભાગિતા

(2) બાળકોને અભિવ્યક્તિની તક આપે એવી પ્રવૃત્તિ

(3) વિદ્યાર્થીઓને ફક્ત લક્ષ્ય ભાષામાં જ વાત કરતા માટે સીમિત રાખવા તે.

(4) પ્રભાવશાળી વર્ગખંડ પ્રબંધન માટે ધ્યાન ખેંચવાની પ્રવૃત્તિ કરતા વિદ્યાર્થીઓને અભિવ્યક્ત માટે અનુમતિ આપવી.

146. વ્યોગોત્સ્કીના મત મુજબ ________ એ ભાષા શીખવા માટેનું અનિવાર્ય તત્ત્વ છે.

(1) સામાજિક આદાનપ્રદાન

(2) પાઠ્યપુસ્તક

(3) રેડિયો

(4) શબ્દકોશ

147. નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ જોડણીકૌશલમાં સહયોગી બને છે ?

(1) વિદ્યાર્થીઓ કોઈ એક વિષય પર એક નાની અને ઔપચારિક પ્રસ્તુતિ આપે.

(2) શિક્ષક વિદ્યાર્થીઓને એક હેતુપૂર્ણ શ્રુતલેખન કરાવે.

(3) વિદ્યાર્થીઓ એમને આપવામાં આવેલા સંકેતો (કલ્યુ) કે વિષય પરની વાર્તા વિશે પોતાની આવૃત્તિ રજૂ કરે.

(4) વિદ્યાર્થીઓ સારો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરે.

148. વાંચનનો કયો તબક્કો વિદ્યાર્થીઓને તેમના પૂર્વજ્ઞાનને તેમના સદ્યપ્રાપ્ત જ્ઞાન અને વર્ગખંડ બહારના વિશ્વ સાથે જોડવા માટે સક્ષમ બનાવે છે ?

(1) પૂર્વ-વાચન (પ્રિ-રિડિંગ)

(2) વાંચન વેળા (વ્હાઈલ રિડિંગ)

(3) બિફોર રિડિંગ

(4) અનુ-વાચન (પોસ્ટ રિડિંગ)

149. બોધાત્મક સિદ્ધાંત મુજબ, વિદ્યાર્થીઓ અસરકારક ઢબે ભાષા ત્યારે જ શીખી શકે, જ્યારે ....

(1) વર્ગખંડ શિક્ષિકાના સંપૂર્ણ નિયંત્રણમાં હોય અને શિક્ષિકા વિદ્યાર્થીઓને યોગ્ય મોકળાશ આપે.

(2) શિક્ષિકા વિદ્યાર્થીઓને વ્યાકરણના નિયમો યાદ રાખવા માટે પ્રોત્સાહિત કરે.

(3) વિદ્યાર્થીઓ બ્લેકબોર્ડ પર લખાયેલા જવાબો ચોખ્ખા અક્ષરે પોતાની નોટમાં લખે.

(4) શિક્ષિકા વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે અને વિવિધ કૌશલ પર આધારિત કાર્યોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે.

150. એક ઉત્તમ શ્રોતા ...

(1) સમજી શકે છે કે શબ્દને કઈ રીતે બોલાય.

(2) વક્તાના શબ્દોનો અંતઃનિહિત હેતુ પારખી શકે.

(3) પૂછાયેલા પ્રશ્નનો યોગ્ય પ્રત્યુત્તર આપી શકે છે.

(4) પ્રત્યેક શબ્દનો યોગ્ય ઉચ્ચાર કરી શકે છે.

www.prepp.in



રફકાર્ય માટે જગ્યા

Your Personal Exam Guide

www.prepp.in



રફકાર્ય માટે જગ્યા

Your Personal Exams Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide



**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એક્વાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.
12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.**

www.prepp.in

Prepp
Your Personal Exams Guide



**निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :**

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें ।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **काले/नीले बॉल पॉइन्ट पेन** से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
5. परीक्षा पुस्तिका / उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाज़िरी-पत्र में लिखें ।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी । इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए ।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्वीच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए । इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और उनके विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित ।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं हाज़िरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाज़िरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा । **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान हाज़िरी-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ ।**
12. इलेक्ट्रॉनिक / हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा ।
14. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल / कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र कक्ष-निरीक्षक को अवश्य सौंप दें । परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।**

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY:**

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Black/Blue Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet / Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/ room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/ rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against them including cancellation of examination.
9. Each candidate must show on demand his / her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his / her seat.
11. The candidates should not leave the Examination Hall/ Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic / Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***